રે.મુ.નં.૫૩/૨૦૧૮

**– :: આંક–૦૫ ની મનાઈઅરજી લગત હુકમ ::–**

**(૦૧)** વાદીઓ દવારા હાલનો દાવો દાખલ કરી આંક–૦૫ થી વચગાળાનો મનાઈ હુકમ મેળવવા અરજી કરેલ છે.

**(૧.૧)** જે અરજીની ટુંક હકીકત છે કે, આ કામે વાદીઓ ગામ ભમેલા,તા.સંજેલી, જી.દાહોદના ખાતા નં.૫૮ ના રે.સ.નં.૧૫૨ ની જરાયતની હે.આર.પ્રતિ ૪–૩૩–૦૨ + પોત ખરાબો વર્ગ અ હે.આર.પ્રતિ ૦–૦૨–૦૨ ની જમીન મળી કુલ હે.આર.પ્રતિ ૪–૩૫–૦૪ આકાર રૂા.૧.૬૯ પૈસાવાળી ખેતી ઉપયોગી જમીન કે જે " ડુંગરી " નામથી ઓળખાય છે. તે જમીન રેવન્યુ રેકર્ડમાં કબજેદાર તરીકે ' સરકારી પડતર' તરીકે ચાલે છે અને સદર જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો છેલ્લા ૬૦ વર્ષ ઉપરાંતથી એટલે કે સદર જમીન ફોરેસ્ટ ખાતે ચાલતી હતી ત્યારથી સતત અવિરત પણે કોઈપણ જાતની રોકટોક વગર વાદીઓના વડવાઓ પાસે હતો. તેઓ ગુજરી જતા હાલના સદર જમીન વાદીઓના માલિકી કબજા ભોગવટાની છે. સદર ખુંટવાળી જમીન દાવાવાળી જમીન તરીકે ઉલ્લેખ કરેલ છે.

**(૧.૨)** સદર દાવાવાળી હે.આર.પ્રતિ ૪.૩૩.૦૨ વાળી જમીન પૈકી હે.આર.પ્રતિ ૪.૦૦.૦૦ ના ચો.મી. ૪૦,૦૦૦ જમીન આ કામના પ્રતિવાદી નં.૧ નાઓ દવારા તેઓના હુકમ ક્રમાંક : જમન / વશી ૫૮૫ થી ૫૯૧ / ૨૦૧૮, તા.૨૩/૦૩/૨૦૧૮ થી રમતગમતના મેદાન (પ્લે–ગ્રાઉન્ડ) તથા જાહેર હેતુ માટે સરકારી પડતર જમીન નીમ કરવા માટે ફાળવણી કરવાનો હુકમ કરેલ છે. પ્રતિવાદી નં.૨ દવારા કોઈપણ જાતની તપાસ કર્યા સિવાય વાદીઓનો માલિકી હકનો કબજો ભોગવટો આવેલો હોવા છતા ગામ દફતેર એકતરફી રીતે નોંધ નં.૫૧૩, તા.૦૨/૦૪/૨૦૧૮ના રોજ પાડવામાં આવેલ છે અને તે નોંધ આ કામના પ્રતિવાદી નં.૩ ના દવારા પણ કોઈપણ જાતની સ્થળ તપાસ કર્યા સિવાય તા.૨૦/૦૬/૨૦૧૮ ના રોજ મંજુર કરવામાં આવેલ છે. સદર નોંધ મંજુર થવાથી ગામ દફતરે ફેરફારની અસર થયેલ છે અને હે.આર.પ્રતિ.૪–૦૦–૦૦ ની ફાળવણી કરેલ જમીનનો અલગ ખાતા નં.૬૩, રે.સ.નં.૧૫૨/પૈકી૧, આકાર રૂા.૧.૫૫ પડેલો છે અને તેની ગામ નમુના નં.૭/૧૨ મા કબજેદારના નામમા "શ્રી સરકાર" ની નોંધ થયેલ છે. તે તદ્દન ખોટી,ગેરકાયદેસર અને વાદીઓના વર્ષો જુના કબજા ભોગવટા ઉપર એક તરાપ મારી વાદીઓ પાસેથી આ જમીન પડાવી લેવાના એકમાત્ર આશયથી થયેલી છે. સદરહું જમીન વાદીઓના વડવાઓના

નામે આવેલ હોય અને છેલ્લા ૬૦ વર્ષથી પ્રતિવાદી નં.૫ ની કચેરીમાં મહેસુલ ભરીને મકાઈ, ડાંગર, તુવેર,અડદ જેવા પાકની ઉપજ મેળવે છે.

**(૧.૩)** આ કામના પ્રતિવાદી નં.૫ નાઓએ જમીન મહેસુલ ભર્યા બદલ પહોંચો તા.૨૨/૨/૫૯, તા.૨૫/૭/૬૨, તા.૨૫/૧૨/૬૭, તા.૧૧/૧૦/૭૧ ના રોજ " રજા વાવેતર" ની આપવામાં આવેલ છે. દાવાવાળી જમીનમાં વાદીઓના રહેવાના પાકા મકાન આવેલા છે જેના ફોટોગ્રાફસ સદર કામે દસ્તાવેજ પુરાવાથી રજુ કરેલ છે. સદર જમીનમા બોર બનાવેલ છે અને વર્ષોથી આંબાના ઝાડ–૯, ખાખરાના ઝાડ–૧૧, મહુડાનું ઝાડ–૧, સાગના ઝાડ–૩ તથા વાંસ–૩ ઉછેરીને મોટા કરેલ છે. સદર દાવાવાળી જમીનમાં વાદીઓ કયારેય આવેલા નથી કે ખેતી કામ ઉપજ લેતા આજદિન સુધી રોકેલા નથી. આ કામના પ્રતિવાદીઓએ દાવાવાળી જમીન માપણી કરવાની કાર્યવાહી શરૂ કરેલ હતી જેથી વાદીઓએ આ બાબતે પુછતા સદર જમીન સરકારી છે અને રમતગમતના મેદાન માટે સરકારને ફાળવેલી છે અને જમીનનો કબજો હવે સરકારને સોંપવાનો છે. જેથી વાદીએ આ કબજો ખાલી કરવો પડશે તેવું જણાવતા વાદીના પગ નીચેથી ધરતી ખશી ગયેલ. સદર કામે વાદીઓએ તાત્કાલિક તા.૧૭.૦૭.૨૦૧૮ ના રોજ મામલતદાર કચેરીમા જઈ ઈ–ધરામાથી સદર દાવાવાળી જમીનની ગામ નમુના નં.૭/૧૨ ની નકલ તથા નં.૬ ની નકલ કઢાવીને જોતા સદર જમીન રમતગમતના મેદા માટે ફાળવેલ હોવાની જાણ થયેલ છે. આમ, દાવાવાળી જમીનનમા વાદીઓનો વર્ષો જુનો કબજો ભોગવટો આવેલો છે તેમ છતા પ્રતિવાદીઓ ઘુસી જઈ વાદીઓનો વર્ષો જુનો કબજો છીનવી લે અને જો તેમ થાય તો વાદીઓને પૈસાથી ભરપાઈ ન થાય તેવુ નુકશાન થાય તેમ છે અને વાદીઓને કુટુંબ સાથે રસ્તે રઝડવાનો વારો આવે તેમ છે. આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ તાત્કાલિક મનાઈહુકમ આપવા અરજ કરેલ છે.

**(૧.૪)** સરદહું આ કામે વાદીની દાદ(અ) અમો વાદીઓની મોજે ભમેલા તા.સંજેલા, જી.દાહોદના રે.સ.નં.૧૫૨ ની જરાયતની હે.આર.પ્રતિ ૪–૩૩–૦૨ + પોત ખરાબો વર્ગ–અ હે.આર.પ્રતિ ૦–૦૨–૦૨ ની જમીન મળી કુલ હે.આર.પ્રતિ ૪–૩૫–૦૪ આકાર રૂા.૧.૬૯ પૈસાવાળી જમીનમાં આ કામના પ્રતિવાદીઓ કે તેમના અધિકારીઓ, કર્મચારીઓ, એજન્ટો, નોકરો કે મારફતીયાઓ ઘુસી જઈ અમારા શાંતિમય કબજા ભોગવટામાં ખેલલ કરે કરાવે નહી, અમોને ખેતી કરતા રોકે રોકાવે નહી તેમજ અમારો કાયદેસરનો કબજો ભોગવટો ખાલી કરે કરાવે નહી તેમજ અમારો કાયદેસરનો કબજો ભોગવટો ખાલી કરે કરાવે નહી તથા (બ) અમો વાદીઓની દાવાવાળી જમીન અમો વાદીઓનો વર્ષો જુનો કબજો ભોગવટો આવેલો

છે તે કબજા ખાલી કરાવવાનો આ કામના પ્રતિવાદીઓને કોઈપણ જાતનો હક હીસ્સો કે અધિકાર નથી તેવો દાવો ચાલતા દરમ્યાનનો કામચલાઉ મનાઈ હુકમ માંગેલ છે.

(૦૨) આ કામે દાવાની નોટીશ પ્રતિવાદીઓ તરફે આંક–૧૫ થી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ જવાબ રજુ કરેલ છે.

આ કામે પ્રતિવાદીઓએ દાવા અરજી તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરી વાદીના દાવાની હકીકતોને સંપુર્ણપણે નકારી કાઢેલ છે. પ્રતિવાદીની એવી રજુઆત છે કે,દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમા કબજેદાર તરીકે 'સરકારી પડતર' તરીકે ચાલે છે અને 'સદર જમીન ફોરેસ્ટ ખાતે ચાલતી હતી ' જેથી દાવાવાળી જમીનમા વાદીઓનો કોઈ લાગભાગ કે હીક,હીસ્સો આવેલ નથી. દાવાવાળી જમીન વાદીઓએ તેમા ગેરકાયદેસર કબજો કરેલ છે અને ફકત પાણી પત્રકમા નામ આવેલ હોવાથી વાદીઓ જમીનના કબજેદાર બની જતા નથી. સદર જમીનના કામે કલેકટરશ્રી, દાહોદનાઓએ તેઓના હુકમ ક્રમાંક જમીન/વશી ૫૮૫ થી ૫૯૧/૨૦૧૮, તા.૨૩/૦૩/૨ઢ૧૮ થી રમગ ગમતના મેદાન(પ્લે ગ્રાઉન્ડ) તથા જાહેર હેતુ માટે સરકારી પડતર જમીન નિમ કરવા માટે ફાળવણી કરવાનો હુકમ કરેલ છે.તે મુજબ રેવન્યુ રેકર્ડ ઉપર નોંધ નં.૫૧૩ પાડવામાં આવેલ છે. વાદીઓ દવારા મહે.મહેસુલી વિભાગ(વિવાદ) ની કોર્ટમાં, મહે.કલેકટર સાહેબના હુકમ વિરુઘ્ધ રિવીઝન અપીલ દાખલ કરેલ છે જે પણ ના મંજુર થયેલ છે. આમ, વાદીઓ કબજા ભોગવટાની મહેસુલ ભર્યાની પહોંચો રજુ કરવા માત્રથી કે પાણી પત્રકમા નામ આવવા માત્રથી અધિકૃતતા પ્રાપ્ત થતી નથી. આમ, વાદીઓની મનાઈઅરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૦૩) વાદી તરફે સદરહું કામે આંક–૧૯ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે. જેમાં પ્રતિવાદીના દાવાના જવાબની હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેમજ વાદી મુખ્યત્વે મનાઈ અરજીની હકીકતોને વળગી રહેલ છે. જેથી સદર હકીકતોનું પુનરાવર્તન ટાળવા હેતુસર વંચાણે લેવામાં આવેલ છે.

(૦૪) આ કામે વાદી તર્ફે આંક–૦૩ થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ કરેલ છે.

| **ક્રમ** | **વિગત** |
|---|---|
| **૧.** | ભમેલા ગામના રે.સ.નં.૧૫૨ ની હે.આર.પ્રતિ ૪–૩૫–૦૪ ના ગામ નમુના નં.૭ ની નકલ |
| **૨.** | ભમેલા ગામના રે.સ.નં.૧૫૨ ની હે.આર.પ્રતિ.૪–૩૫–૦૪ ની ગામ નમુના નં.૮/અ ની નકલ |
| **૩.** | ભમેલા ગામના રે.સ.નં.૧૫૨/પૈકી ૧ ની હે.આર.પ્રતિ ૪–૦૦–૦૦ ના ગામ નમુના નં.૭ ની નકલ |

| | |
|---|---|
| **૪.** | ભમેલા ગામના રે.સ.નં.૧૫૨/પૈકી ૧ ની હે.આર.પ્રતિ ૪–૦૦–૦૦ ના ગામ નમુના નં.૮/અ ની નકલ |
| **૫.** | ભમેલા ગામના રે.સ.નં.૧૫૨ ની જમીનમા પડેલ ફેરફાર નોંધ નં.૫૧૩ ની નકલ |
| **૬.** | ભમેલા ગામના રે.સ.નં.૧૫૨ ની ગામ નમુના નં.૭ ની હસ્તલિખિત સને–૧૯૮૨ થી ૨૦૦૫ સુધી ની પાણીપત્રકની નકલ |
| **૭.** | ભમેલા ગામના રે.સ.નં.૧૫૨ ની જમીનમા પડેલ ફેરફાર નોંધ નં.૧૧૦ ની નકલ |
| **૮.** | જમીન મહેસુલ ભર્યા અંગેની ફોરેસ્ટ ઓફિસર સંજેલીએ આપેલ પહોંચ નં.૭૫૯ ની નકલ |
| **૯.** | જમીન મહેસુલ ભર્યા અંગેની ફોરેસ્ટ ઓફિસર સંજેલીએ આપેલ પહોંચ નં.૯૦૫ ની નકલ |
| **૧૦.** | જમીન મહેસુલ ભર્યા અંગેની ફોરેસ્ટ ઓફિસર સંજેલીએ આપેલ પહોંચ નં.૨૦૩૨૪ની નકલ |
| **૧૧.** | જમીન મહેસુલ ભર્યા અંગેની ફોરેસ્ટ ઓફિસર સંજેલીએ આપેલ પહોંચ નં.૧૫૮૭૫૦ ની નકલ |
| **૧૨.** | જમીન મહેસુલ ભર્યા અંગેની ફોરેસ્ટ ઓફિસર સંજેલીએ આપેલ પહોંચ નં.૭૧૨ ની નકલ |
| **૧૩.** | જમીન મહેસુલ ભર્યા અંગેની ફોરેસ્ટ ઓફિસર સંજેલીએ આપેલ પહોંચ નં.૮૪૫૩૮ની નકલ |
| **૧૪.** | જમીન મહેસુલ ભર્યા અંગેની ફોરેસ્ટ ઓફિસર સંજેલીએ આપેલ પહોંચ નં.૩૪૭ ની નકલ |
| **૧૫.** | ભમેલા ગામના રે.સ.નં.૧૫૨ ની જમીનમાં આવેલ પાકું મકાન,બોર, ઢોરોને પાણી પીવા માટે બનાવેલ પાણીનો કુંડ તથા ઉભો પાક મકાઈ, ડાંગરનો પાક થયેલ હોવા અંગેના ફોટોગ્રાફસ |

**(૦૫)** સદર કામે વાદી તથા પ્રતિવાદીની મૌખિક દલીલો સાંભળી.

**(૫.૧)** વાદીઓ દવારા આંક–૨૧ થી લેખિત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધી.

**(૫.૨)** આ કામે પ્રતિવાદીઓ દવારા મૌખિક દલીલ કરી જણાવે છે કે, હાલનો દાવો ચલાવવાને પાત્ર ન હોવાની રજુઆત કરેલ છે. દાવાવાળી જમીન સરકારી પડતરની જંગલની જમીન હોય વાદીનો દાવો નામંજુર કરવાની રજુઆત કરેલ છે.

**(૦૬)** પક્ષકારોના પક્ષ નિવેદનો, રજુ દસ્તાવેજી પુરાવા,તેમજ દલીલો ધ્યાને લેતા મનાઈ હુકમની અરજીના ન્યાય નિર્ણય પર આવવા માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**– :: મુદ્દાઓ ::–**

મુદ્દા નં.૧ શું વાદીઓ પુરવાર કરે છે કે, તેઓનો પ્રથમદર્શનીય કેસ છે ?

મુદ્દા નં.ર શું વાદીઓ પુરવાર કરે છે કે, સગવડતા અગવડતાનું ધોરણ તેઓની તરફેણમાં છે ?

મુદ્દા નં.૩ શું વાદીઓ પુરવાર કરે છે કે, માંગ્યા મુજબનો મનાઈ હુકમ નહી આપવામાં આવે તો નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે ?

મુદ્દા નં.૪ શું હુકમ ?

(૦૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેનાં નિર્ણયો નીચે મુજબના છે.

**– : : નિર્ણયો : : –**

મુદ્દા નં.૧ નકારમાં.
મુદ્દા નં.ર નકારમાં.
મુદ્દા નં.૩ નકારમાં.
મુદ્દા નં.૪ આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

(૦૮) ઉપરોકત મનાઈ અરજીની હકીકતોને ઘ્યાને લેતા દીવાની કાર્યસહીતાના ઓર્ડર ૩૯ રૂલ ૧,ર તથા કલમ–૧૫૧ હેઠળની અરજી હોય નિકાલ માટે અરજી લઈ આવનાર પક્ષકારે પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવાનો રહે છે. મનાઈ હુકમ હેઠળની દાદ સમન્યાયના હેતુસર કોર્ટ સમક્ષ માંગવામાં આવેલ હોય ત્યારે મુખ્ય ઉદ્દેશ પક્ષકારો વચ્ચે તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની 'યથા સ્થિતી' જાળવી રાખવાનો રહે છે. એ હકીકત સ્વીકાર્ય છે કે, પ્રથમ દર્શનીય હકક કે જે કેસના અંતે પુરાવાના મુલ્યાંકન બાદ પ્રસ્થાપિત થાય છે પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તે પુરાવાની પ્રાથમિક ચકાસણીના આધારે નિર્ધારીત થાય છે. જે પ્રસ્થાપિત કેસની સાથે પક્ષકારોને નાણાંમાં આંકી ન શકાય તેવું નુકશાન તથા તુલનાત્મક રીતે ન્યાયની સમતુલાનું પલ્લુ કોની તરફેણમાં છે તે જોવાનું રહે છે. આ તમામ સંજોગોને ઘ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે કોર્ટે વિવેકાધીન સત્તાનો ન્યાયિક ઉપયોગ કરવાનો રહે છે.

(૦૯) બન્ને પક્ષોની રજુઆતો,રજુ દસ્તાવેજો તથા પક્ષનિવેદનો ઘ્યાને લીધા.

**(૯.૧)** આ કામના વાદી દવારા દાવાવાળી જમીન ગામ ભમેલા, તા.સંજેલી,જી.દાહોદમાં આવેલ ખાતા નં.૫૮ ના રે.સ.નં.૧૫ર ની જરાયત હે.આર.પ્રતિ ૪–૩૩–૦ર પોત ખરાબા વાળી વર્ગ–અ હે.આર.પ્રતિ ૦–૦ર–૦ર ની જમીનવાળી કુલ હે.આર.પ્રતિ ૪–૩૫–૦૪ ની જમીન કે જેના રેવન્યુ રેકર્ડમાં સરકારી પડતર તરીકે ચાલે છે. જે જમીનનો પ્રત્યક્ષ કબજો છેલ્લા

૬૦ વર્ષ ઉપરાંતથી એટલે કે આ સદર જમીન ફોરેસ્ટ ખાતે ચાલતી હતી ત્યારથી સતત અવિરતપણે કોઈપણ જાતની રોકટોક વિના વાદીઓના વડવા ગુજરી જતા હાલમાં સદર વાદીઓનો માલિકી કબજા ભોગવટાની આવેલ છે.

**(૯.૨)** જે ઉપરોકત પક્ષનિવેદનથી ફલીત થાય છે કે, દાવાવાળી જમીન સરકારી પડતરની જમીન છે. જે સદર જમીનના રેવન્યુ રેકર્ડમાં કબજેદાર તરીકે સરકારી પડતરનો ઉલ્લેખ થયેલ છે તથા ફોરેસ્ટ ખાતે ચાલતી આવેલ છે. આમ, વાદીની દાવાની હકીકતોને ઘ્યાને લેવામાં આવે તો વાદી દવારા સરકારી પડતર જમીન પર પ્રતિવાદીઓ એટલે કે સરકારી વિરુઘ્ઘ કાયમી મનાઈહુકમ તથા પ્રતિવાદીઓનો હક,હીસ્સો તથા અધિકાર નથી તેવી જાહેરાતની દાદ સાથે દાવો કરેલ છે.

**(૯.૩)** આ સંજોગોમાં જયારે તકરારી જમીન સરકારની માલિકીની હોય ત્યારે પ્રતિવાદીઓએ તેઓનો હક,હીત કે હીસ્સો દર્શાવવાનો રહે છે. આ કામે વાદીએ નિ.૩/૧ થી નિ.૩/૧૪ દસ્તાવેજ રજુ કરેલ છે. જે તમામ દસ્તાવેજોમાં વાદીઓ હક,હીત ધરાવતા હોય તેમ ફલીત થતું નથી. વાદીઓ દવારા પક્ષનિવેદન એવું પણ કરવામાં આવેલ છે કે, ૬૦ વર્ષ ઉપરાંતથી દાવાવાળી જમીન પર કબજો છે. જે આ કામે નિ.૩/૧ થી નિ.૩/૧૪ સુધીના દસ્તાવેજો ઘ્યાને લેવામાં આવે તો એક પણ રેવન્યુ નકલ તાજેતરની હોય જેમાં વાદીઓ કે વાદીઓના પ્રતિનિધી ખેડુત તરીકે દર્શાવેલ હોય તેમ જણાતું નથી. વાદીઓ દવારા રજુ કરેલ રેવન્યુ રેકર્ડમાં ૧૯૮૪–૮૫ થી ૨૦૦૫ સુધીના રેકર્ડમાં ખેડુત તરીકે દલસીગભાઈ કોયાભાઈ તથા અન્યના નામ છે. આમ, સને–૨૦૦૫ બાદથી હાલની પરિસ્થિતી રેકર્ડ પર નથી. આ સંજોગોમાં વાદીઓ દાવાવાળી જમીન પર ૬૦ વર્ષ ઉપરાંતથી કબજો ધરાવતા હોય તેમ આ તબકકે જણાતું નથી. વધુમાં આ કામે વાદીઓ દવારા નિ.૩/૧૫ થી ફોટોગ્રાફસ રજુ રાખેલ છે. જે ઘ્યાને લેતાં પણ દાવાવાળી જમીનના ફોટોગ્રાફસ હોય તેવું આ તબકકે માની શકાય નહી. સદર ફોટોગ્રાફસની હકીકતો પુરાવાકીય મુલ્યાંકન બાદ નિશ્ચિત થઈ શકે.

**(૯.૪)** વાદીના રજુ દસ્તાવેજી નિ.૩/૫ ને ઘ્યાને લેતાં સ્પષ્ટ થાય છે કે, દાવાવાળી જમીન રમત ગમતના મેદાન તથા જાહેર હેતુ માટે તબદીલ કરવામાં આવેલ છે. આ સંજોગોમાં જાહેર હેતુ માટે સરકાર દવારા જમીન ફાળવણી કરવામાં આવેલ હોય ત્યારે ખાનગી વ્યકિત સદર જમીન પર ખેડુત હોવાના ઓથા હેઠળ મનાઈહુકમ માંગેલ છે. જે રજુ દસ્તાવેજોથી સંતોષકારક જણાતું નથી. વધુમાં સરકાર દવારા સદર જમીન જાહેર હેતુસર રમતગમતને પ્રાધાન્ય આપવા ફાળવેલ હોય તેવા સંજોગોમાં ખાનગી વ્યકિતના હિત કરતા જાહેર હિતને ઘ્યાને લેવું ન્યાયોચિત છે. આ સંજોગોમાં સદર દાવાવાળી જમીન જાહેર હેતુ માટે ફાળવેલ હોય તેવા સંજોગોમાં વાદીનો પ્રથમદર્શનીય કેસ માની શકાય નહી.

**(૯.૫)** હાલના દાવાના કામે દાવાવાળી જમીન જાહેર હેતુ માટે ઉપયોગમા લેવાનો ઉદ્દેશ હોય ત્યારે મનાઈહુકમ આપવાથી વ્યકિતગત નહી પરંતુ સમગ્ર સમાજને અસર થાય. આ જ પ્રમાણે વાદી હાલના દાવામા રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓથી દાવાની જમીન સંબંધે હક,હીત હોય તેવો પુરાવો રજુ ન હોય ત્યારે અને સમગ્ર રેવન્યુ રેકર્ડમાં માલિકી પ્રતિવાદીઓની હોય ત્યારે પ્રતિવાદીઓ વિરુધ્ધ મનાઈહુકમ આપવાથી નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન વાદીને થઈ શકે નહી.

**(૧૦)** આ સંજોગોમાં વાદીનો પ્રથમદર્શનીય કેસ ન હોય તથા નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન તેમ ન હોય ત્યારે ન્યાયની સમતુલાનું પલ્લુ વાદીની તરફેણમાં ઢળી શકે નહી.

**(૧૧)** જેથી ઉપરોકત તમામ સંજોગો અને કારણોને ઘ્યાને લઈ મુદ્દા નં.૧ થી ૩ 'નકારમાં' ઠરાવી મુદ્દા નં.૪ અન્વયે નીચે મુજબનો 'આખરી હુકમ' ફરમાવવામાં આવે છે.

## – :: <u>આખરી હુકમ</u> :: –

- વાદીઓની આંક–૦૫ ની મનાઈઅરજી નામંજુર(રદ) કરવામાં આવે છે.
- ખર્ચ દાવાના આખરી હુકમના પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તારીખઃ–૦૨જી, માંહેઃ–મે, સનેઃ–૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૨/૦૫/૨૦૨૨
સ્થળ : ઝાલોદ.

**( કર્દમ ચંદ્રવદન જોષી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,ઝાલોદ
કોડ નં.જી.જે.૦૧૧૩૨